સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા.13/10/2019ના રોજ લેવાયેલ GPSC 1/2ની પ્રિલિમ પરીક્ષામાં ICE CRACK GPSC 2019 & ICE MAGIC કરંટ અફેર્સમાંથી **75 પ્રશ્નો** પૂછાયા.

વાંચક મિત્રોનો ખૂબ ખૂબ આભાર...

## ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

ICE CURRENT NEWS WEEK 42નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

[OCT-2019]
[13/10 to 19/10]

**WEEK-42**

t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110


13 OCTOBER, 2019 SUNDAY

## ➤ દિવસ મહિમા : 13 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ (International Day for Disaster Reduction)

સમગ્ર વિશ્વમાં આપત્તિનું જોખમ ઘટાડવા અને એ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 13 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2019ની 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ'ની થીમ 'Reduce disaster damage to critical infrastructure and disruption of basic services' છે.

## ➤ ભારત-જાપાન સંયુક્ત સૈન્ય અભ્યાસ 'ધર્મ ગાર્જિયન - 2019'



તાજેતરમાં 19 ઓક્ટોબરથી 2 નવેમ્બર 2019 દરમિયાન ભારત અને જાપાન વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ 'ધર્મ ગાર્જિયન - 2019'નું આયોજન કરવામાં આવ્યું છે.

- ભારતમાં મિઝોરમના વૈરેંટે (Vairengte) ખાતે આવેલી Counter - Insurgency and Jungle Warfare Schoolમાં આ યુદ્ધ અભ્યાસ યોજાશે.
- જેમાં ભારતીય સેનાના 25 અને જાપાન ગ્રાઉન્ડ સેલ્ફ ડિફેન્સ ફોર્સ (JGSDF)ના 25 સૈનિકો ભાગ લેશે. અને તેઓ આતંકવાદી પ્રવૃત્તિઓ સામે લડવાના પોતાના અનુભવો શેર કરશે.
- ભારત અને જાપાન વચ્ચે યોજાઈ રહેલો આ બીજો 'ધર્મ ગાર્જિયન - 2019' યુદ્ધ અભ્યાસ છે.
- ભારત–જાપાન વચ્ચે સંરક્ષણ સહયોગ સહિતના કૂટનીતિક સંબંધોમાં વધારો કરવા માટે ભારતમાં વર્ષ 2018થી આ યુદ્ધ અભ્યાસનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2018માં મિઝોરમના વૈરેંટે ખાતે જ આ પ્રથમ યુદ્ધ અભ્યાસ યોજાયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE

## ➤ ગુજરાતના કેવડિયા ખાતે યોજાઈ દેશના વિવિધ રાજ્યોના ઉર્જા મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદ



તાજેતરમાં 11-12 ઓક્ટોબર 2019 દરમિયાન ગુજરાતમાં કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરના ટેન્ટ સિટી ખાતે દેશના વિવિધ રાજ્યોના ઉર્જા મંત્રીઓની બે દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આયોજન થયું હતું.

- આ પરિષદમાં ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ઉર્જા મંત્રીઓએ ભાગ લીધો હતો.
- કેન્દ્રીય ઉર્જા મંત્રી શ્રી આર.કે. સિંઘે આ રાષ્ટ્રીય ઉર્જા પરિષદનો પ્રારંભ કરાવ્યો હતો.
- ગુજરાતના ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે આ પ્રસંગે આપેલી માહિતી અનુસાર ભારતના તમામ રાજ્યોની વીજ વિતરણ કંપનીઓ (અથવા તો ડિસ્કોમ્સ એટલે કે Distribution Companyઓ)ના કેન્દ્ર સરકારના રેન્કિંગમાં વર્ષ 2017-18માં પ્રથમ ચાર ક્રમે ગુજરાતની ચાર વીજ વિતરણ કંપનીઓનો સમાવેશ થયો છે.

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ' અથવા તો 'International Day for Disaster Reduction' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર | (C) |
| 2. | તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસ 'ધર્મ ગાર્જિયન - 2019'નું આયોજન કરવામાં આવ્યું છે ?<br>(A) અમેરિકા (B) રશિયા (C) ફ્રાન્સ (D) જાપાન | (D) |
| 3. | તાજેતરમાં ભારત અને જાપાનની સેના વચ્ચે કઈ જગ્યાએ 'ધર્મ ગાર્જિયન -2019' નામના યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે ?<br>(A) વૈરેંટ, મણિપુર (B) વૈરેંટ, મિઝોરમ<br>(C) વૈરેંટ, ત્રિપુરા (D) વૈરેંટ, અરૂણાચલ પ્રદેશ | (B) |
| 4. | તાજેતરમાં ભારત અને જાપાન વચ્ચે કેટલામા સંયુક્ત યુદ્ધ અભ્યાસ ધર્મ ગાર્જિયન - 2019નું આયોજન થયું છે ?<br>(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા | (B) |
| 5. | તાજેતરમાં ભારતમાં ઉર્જા મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદનું આયોજન કયાં થયું હતું ?<br>(A) કેવડિયા (B) શિલોંગ (C) નવી દિલ્હી (D) ગાંધીનગર | (A) |
| 6. | તાજેતરમાં ગુજરાતના કેવડિયા ખાતે યોજાયેલી ઉર્જા મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદનો શુભારંભ કોણે કરાવ્યો હતો ?<br>(A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી આચાર્ય દેવવ્રત<br>(C) શ્રી સૌરભ પટેલ (D) શ્રી આર.કે. સિંઘ | (D) |
| 7. | ભારતના તમામ રાજ્યોની વીજ વિતરણ કંપનીઓ અથવા તો ડિસ્કોમ્સના કેન્દ્ર સરકારના વર્ષ 2017-18ના રેન્કિંગમાં પ્રથમ ચાર ક્રમે ભારતના કયા રાજ્યની વીજ વિતરણ કંપનીઓનો સમાવેશ થયો છે ?<br>(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) કેરળ (D) તમિલનાડુ | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 14 OCTOBER, 2019 MONDAY

### ➤ દિવસ મહિમા : 14 ઓક્ટોબર, વિશ્વ માનક અથવા તો માપદંડ દિવસ (World Standards Day)

## ➤ વર્લ્ડ બેન્કે ભારતના વૃદ્ધિ દરનો અંદાજ ઘટાડીને 6 ટકા કર્યો

THE WORLD BANK

નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતનો આર્થિક વિકાસ દર 6.8 ટકા રહ્યો હતો.

- જોકે, ચાલુ નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો આર્થિક વૃદ્ધિ દર 6 ટકા રહેવાનો વર્લ્ડ બેન્કનો અંદાજ છે.
- ઓક્ટોબર 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ બેન્કના અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો આર્થિક વિકાસદર 6 ટકા તથા વર્ષ 2021માં 6.9 ટકા અને વર્ષ 2022માં તે વધીને 7.2 ટકા થવાની સંભાવના છે.

## ➤ 11મી મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ 2019

તાજેતરમાં 3થી 13 ઓક્ટોબર 2019 દરમિયાન રશિયાના ઉલાન-ઉદે (Ulan-Ude) ખાતે 11મી મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ 2019નું આયોજન થયું હતું.

- આ ચેમ્પિયનશિપમાં 3 ગોલ્ડ સહિત કુલ 6 મેડલ સાથે યજમાન રશિયા મેડલ ટેબલમાં પ્રથમ ક્રમે છે.
- જ્યારે 1 સિલ્વર અને 3 બ્રોન્ઝ મેડલ સહિત કુલ 4 મેડલ સાથે ભારત મેડલ ટેબલમાં 9મા ક્રમે છે.

### સુશ્રી મંજુ રાનીને સિલ્વર મેડલ




આ ચેમ્પિયનશિપમાં ભારતના સુશ્રી મંજુ રાનીએ પોતાની ડેબ્યુ એટલે કે પ્રથમ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં જ સિલ્વર મેડલ જીત્યો છે.

- આ સાથે જ સુશ્રી મંજુ રાની ડેબ્યુ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનાર સુશ્રી એમ.સી. મેરી કોમ બાદ ભારતના બીજા ખેલાડી બની ગયા છે.
- સુશ્રી મંજુ રાનીએ લાઈટ ફ્લાયવેઈટ ઈવેન્ટમાં આ સિલ્વર મેડલ જીત્યો છે.
- જોકે, લાઈટ ફ્લાયવેઈટ ઈવેન્ટની ફાઈનલ મેચમાં રશિયાના સુશ્રી એકેતેરિના પાલ્તસેવા સામે તેમનો પરાજય થયો હતો.
- સુશ્રી મંજુ રાની હરિયાણાના મહિલા બોક્સિંગ ખેલાડી છે.

### વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ 8 મેડલ જીતવાનો સુશ્રી મેરી કોમનો રેકોર્ડ

આ ચેમ્પિયનશિપમાં ભારતના સુશ્રી એમ.સી. મેરી કોમે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

- આ સાથે જ સુશ્રી એમ.સી. મેરી કોમ ક્યુબાના શ્રી ફેલિક્સ સાવોનનો રેકોર્ડ તોડીને વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં મહિલા કે પુરુષ એમ બંનેમાં સૌથી વધુ 8 મેડલ જીતનાર વિશ્વના પ્રથમ બોક્સર બની ગયા છે.
- જોકે, આ ચેમ્પિયનશિપની ફ્લાયવેઈટ ઈવેન્ટની સેમીફાઈનલ મેચમાં તૂર્કીના સુશ્રી બઝ નાઝ કેકીરોગ્લુ સામે તેમનો પરાજય થયો હતો. આથી તેમને બ્રોન્ઝ મેડલ મળ્યો હતો.
- સુશ્રી એમ.સી. મેરી કોમે મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં 6 ગોલ્ડ, 1 સિલ્વર અને 1 બ્રોન્ઝ મેડલ મળીને કુલ 8 મેડલ જીત્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુશ્રી મેરી કોમ

- **સુશ્રી મેરી કોમ** અથવા તો **સુશ્રી એમ. સી. મેરી કોમ**નું પૂરું નામ **સુશ્રી મૈંગતે ચંગ્નેઈજેંગ મેરી કોમ** છે.
- તેમનો જન્મ 1 માર્ચ 1983ના રોજ ભારતના **મણિપુર** રાજ્યના **ચુરચાનપુર** જિલ્લાના **કાંગાથેઇ** ગામમાં થયો હતો.
- તેમને 'ઈન્ટરનેશનલ એમેચ્યોર બોકિંસગ એસોશિયેશન' (AIBA) દ્વારા **'મેગ્નિફિસન્ટ મેરી'**નું સંબોધન મળ્યું હતું.
- આથી, સુશ્રી એમ. સી. મેરી કોમને **'મેગ્નિફિસન્ટ મેરી'**ના હુલામણા નામથી પણ ઓળખવામાં આવે છે.
- **26 એપ્રિલ, 2016**ના રોજ તેમને ભારતના રાષ્ટ્રપતિ **શ્રી પ્રણવ મુખર્જી** દ્વારા ભારતની **રાજ્યસભાના સાંસદ તરીકે નોમિનેટ** કરવામાં આવ્યા હતા.

## સુશ્રી એમ. સી. મેરી કોમને મળેલા એવોર્ડ



સુશ્રી એમ. સી. મેરી કોમને એનાયત થયેલા મહત્ત્વના પુરસ્કારોમાં નીચેના એવોર્ડનો સમાવેશ થાય છે :

(1) અર્જુન એવોર્ડ, 2003
(2) પદ્મ શ્રી, 2006
(3) Magnificent Mary, AIBA 2008
(4) રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ, 2009
(5) પદ્મ ભૂષણ, 2013
(6) AIBA Women's World Boxing Championships 2016ના બ્રાન્ડ એમ્બેસેડર, AIBA 2016
(7) First AIBA Legends Awards, AIBA For "Promising Boxing Career."

ICE INSTITUTE FOR COMPETITIVE

**નોંધ :** (1) સુશ્રી એમ. સી. મેરી કોમની આત્મકથાનું નામ **'Unbreakable'** છે.
(2) વર્ષ 2014માં સુશ્રી મેરી કોમના જીવન પરથી બનેલી હિન્દી બાયોગ્રાફિકલ ફિલ્મ **'મેરી કોમ'**માં સુશ્રી **પ્રિયંકા ચોપરા**એ સુશ્રી મેરી કોમનો મુખ્ય રોલ ભજવ્યો હતો.

## મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ 2019માં મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ

| ક્રમ | ખેલાડી | ઈવેન્ટ | મેડલ | રાજ્ય |
|---|---|---|---|---|
| 1 | સુશ્રી મંજુ રાની | લાઈટ ફલાયવેઈટ (45-48 kg) | સિલ્વર | હરિયાણા |
| 2 | સુશ્રી મેરી કોમ | ફલાયવેઈટ (51 kg) | બ્રોન્ઝ | મણિપુર |
| 3 | સુશ્રી જમુના બોરો | બેન્ટમવેઈટ (54 kg) | બ્રોન્ઝ | આસામ |
| 4 | સુશ્રી લવલીના બોરોહૈન | વેલ્ટરવેઈટ (69 kg) | બ્રોન્ઝ | આસામ |

## ICE Questions

1. 'વિશ્વ માનક દિવસ' અથવા તો 'વર્લ્ડ સ્ટાન્ડર્ડ્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર **(D)**

2. ઓક્ટોબર 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ બેન્કના રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?
   (A) 6 ટકા (B) 6.1 ટકા (C) 6.2 ટકા (D) 6.4 ટકા **(A)**

3. તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન 11મી મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ ક્યાં યોજાઈ હતી ?
   (A) ઉલાન-ઉદે, ફ્રાન્સ (B) ઉલાન-ઉદે, તુર્કી
   (C) ઉલાન-ઉદે, રશિયા (D) ઉલાન-ઉદે, કઝાખસ્તાન **(C)**

4. મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ 2019માં પોતાની ડેબ્યૂ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં જ સિલ્વર મેડલ જીતનાર ભારતના મહિલા ખેલાડી કોણ છે ?
   (A) સુશ્રી જમુના બોરો (B) સુશ્રી મયુરી રાની
   (C) સુશ્રી નીતુ રાની (D) સુશ્રી મંજુ રાની **(D)**

5. સુશ્રી મંજુ રાનીએ મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપની કઈ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો છે ?
   (A) લાઈટ ફ્લાયવેઈટ (45-48 kg) (B) ફ્લાયવેઈટ (51 kg)
   (C) બેન્ટમવેઈટ (54 kg) (D) વેલ્ટરવેઈટ (69 kg) **(A)**

6. સુશ્રી મંજુ રાની કયા રાજ્યના મહિલા બોક્સર છે ?
   (A) આસામ (B) હરિયાણા (C) હિમાચલ પ્રદેશ (D) મહારાષ્ટ્ર **(B)**

7. વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ 8 મેડલ જીતનાર વિશ્વના પ્રથમ ખેલાડી કોણ છે ?
   (A) શ્રી ફેલિક્સ સાવોન (B) શ્રી વિજેન્દ્ર સિંઘ
   (C) સુશ્રી લવલીના બોરોહૈન (D) સુશ્રી એમ.સી. મેરી કોમ **(D)**

8. મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ 2019ની કઈ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતીને સુશ્રી મેરી કોમે વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ 8 મેડલ જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે ?
   (A) લાઈટ ફ્લાયવેઈટ (45-48 kg) (B) ફ્લાયવેઈટ (51 kg)
   (C) બેન્ટમવેઈટ (54 kg) (D) વેલ્ટરવેઈટ (69 kg) **(B)**

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 15 OCTOBER, 2019 TUESDAY

➤ **દિવસ મહિમા : 15 ઓક્ટોબર**
(1) **વિશ્વ વિદ્યાર્થી દિવસ (World Students' Day)**
(2) **આંતરરાષ્ટ્રીય ગ્રામિણ મહિલા દિવસ (International Day of Rural Women)**
(3) **Global Handwashing Day**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## વિશ્વ વિદ્યાર્થી દિવસ




ભારતમાં ડો. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મદિવસ 15 ઓક્ટોબર 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવાય છે.

- એવું કહેવાય છે કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2010માં આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- પરંતુ વાસ્તવમાં યુનાઈટેડ નેશન્સ દ્વારા 'World Students' Day' નામના કોઈ દિવસની ઉજવણી કરવામાં આવતી જ નથી.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા 15 ઓક્ટોબરના રોજ ફક્ત 'International Day of Rural Women'ની જ ઉજવણી કરવામાં આવે છે, 'World Students' Day'ની નહિ.
- યુનાઈટેડ નેશન્સની વેબસાઈટ un.org/en/sections/observances/international-days/index.html પરથી આ માહિતી મળી શકે છે.
- આ ઉપરાંત વિશ્વના અન્ય કોઈ દેશોમાં પણ 15 ઓક્ટોબરના રોજ 'વિશ્વ વિદ્યાર્થી દિવસ'ની ઉજવણી થતી હોય તેવી કોઈ જ માહિતી ઉપલબ્ધ થતી નથી.
- આથી, 15 ઓક્ટોબરના રોજ ફક્ત ભારતમાં જ 'વિશ્વ વિદ્યાર્થી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

**નોંધ :** ડો. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ 15 ઓક્ટોબર 1931ના રોજ રામેશ્વરમ ખાતે થયો હતો.

ગુજરાત સરકારની આવનારી બિનસચિવાલય કલાર્ક, Dy.SO./Dy.MAM., સિનિયર કલાર્ક, તલાટી, જુનિયર કલાર્ક, PSI/CONSTABLE, આસિ.સહાયક આદિજાતિ વિકાસ કમિશનર વગેરે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી

- મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભા ચૂંટણી 2019 પરિણામ
- MEN'S SINGLE TITLE WINNER
- ગ્લોબલ હંગર ઈન્ડેક્ષ 2019
- ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગની ભારત મુલાકાત
- નોબેલ પુરસ્કાર 2019
- શ્રી ખલીલ ધનતેજવીને નરસિંહ મહેતા એવોર્ડ 2019
- ધ મેન બુકર પ્રાઈઝ 2019
- ભારતના પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂક
- ફ્રાન્સની દસોલ્ટ એવિએશન દ્વારા ભારતને પ્રથમ રાફેલ સુપરત

છેલ્લા 3 મહિનાના પરીક્ષાલક્ષી મહત્વના વર્તમાન પ્રવાહો

કરન્ટ અફેર્સના 750+ પ્રશ્ન જવાબો




છેલ્લા 3 મહિનાના પરીક્ષાલક્ષી મહત્વના વર્તમાન પ્રવાહો

LIMITED EDITION AUG TO OCT 2019

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

Available at amazon

## ➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ટેટ્રિસ ચેલેન્જ' શું છે ?




**આપાતકાલીન** પરિસ્થિતિઓમાં સેવા આપતી વિવિધ સરકારી કે બિનસરકારી એજન્સીમાં હાલ આ **'ટેટ્રિસ ચેલેન્જ'** (Tetris Challange) ખૂબ જ વાયરલ થઈ છે.

- જેમાં તેઓ તેમના વાહનની બહાર તમામ ઈક્વિપમેન્ટ્સ જમીન પર ગોઠવીને પોઝ આપે છે.
- આ ચેલેન્જની શરૂઆત **ઝ્યુરિક પોલીસે** કરી હતી. તેમના બે પોલીસ જવાનોને ઈક્વિપમેન્ટ સાથે ગોઠવાયેલા હોવાની તસવીરો ફેસબુક પર પોસ્ટ કર્યા પછી સમગ્ર વિશ્વની વિવિધ ઈમર્જન્સી ટીમો ટ્રેટિસ ચેલેન્જ માટે તૈયાર થઈ હતી અને તસવીરો ઈન્ટરનેટ પર વાયરલ કરી હતી.
- આ અંતર્ગત ગુજરાતના ભાવનગર, સાબરકાંઠા, અમદાવાદ વગેરે જિલ્લાની **108 ટીમે** પણ આ ચેલેન્જ સ્વીકારીને **'ટેટ્રિસ ચેલેન્જ'** પોઝ આપ્યો હતો.

## ➤ ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમના ફિક્સ પગાર આધારિત કર્મચારીઓના વેતનમાં અંદાજે બમણો વધારો

ગુજરાત સરકાર દ્વારા **ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ**ના ફિક્સ પગાર આધારિત કર્મચારીઓના વેતનમાં અંદાજે બમણો વધારો કરવામાં આવ્યો છે.

- સરકારના આ નિર્ણયથી ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમના અંદાજે 12,692થી વધુ કર્મચારીઓને લાભ થશે.
- જેના પરિણામે ગુજરાત સરકાર પર વધારાનું વાર્ષિક **રૂ. 92.40 કરોડનું** ભારણ થશે.
- સરકારના આ નિર્ણયનો અમલ **16 ઓક્ટોબર, 2019**થી થશે.
- ગુજરાત એસ.ટી. નિગમના કર્મચારીઓનો પગાર વધારો આ પ્રમાણે છે :

| ક્રમ | સંવર્ગ | હાલનો ફિક્સ પગાર (રૂપિયામાં) | સુધારેલો નવો પગાર (રૂપિયામાં) |
|---|---|---|---|
| 1 | સિનિયર અધિકારી વર્ગ - 2 | 16,800 | 40,000 |
| 2 | જુનિયર અધિકારી વર્ગ -2 | 14,800 | 38,000 |
| 3 | સુપરવાઈઝર વર્ગ - 3 | 14,500 | 21,000 |
| 4 | ડ્રાઈવર કમ કંડક્ટર | 11,000 | 18,000 |
| 5 | એકમ કક્ષા વર્ગ - 3 | 10,000 | 16,000 |
| 6 | વર્ગ - 4 | 9,000 | 15,000 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. ભારતમાં 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

2. ભારતમાં કોનો જન્મદિન 15 ઓક્ટોબર 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) ડો. રાજેન્દ્ર પ્રસાદ (B) ડો. એ.પી.જે. અબ્દુલ કલામ
(C) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી (D) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (B)

3. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય ગ્રામિણ મહિલા દિવસ' અથવા તો 'International Day of Rural Women' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?
(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

4. 'ગ્લોબલ હેન્ડવોશિંગ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

5. તાજેતરમાં વાયરલ થયેલી 'ટેટ્રિસ ચેલેન્જ' કઈ સેવા સાથે સંકળાયેલી છે ?
(A) પર્યાવરણલક્ષી (B) પાણી અને સિંચાઈ
(C) સ્વચ્છતા અથવા સફાઈ અભિયાન (D) આપાતકાલીન (D)

6. તાજેતરમાં વાયરલ થયેલી 'ટેટ્રિસ ચેલેન્જ'ને સ્વીકારીને ગુજરાતના વિવિધ જિલ્લાઓની કઈ ટીમે 'ટેટ્રિસ ચેલેન્જ' પોઝ આપ્યો હતો ?
(A) 108 ટીમે (B) મહિલા પોલીસ ટીમે
(C) બેટી બચાવો બેટી પઢાવો ટીમે (D) આંગણવાડી મહિલા ટીમે (A)

7. તાજેતરમાં વાયરલ થયેલી 'ટેટ્રિસ ચેલેન્જ'ની શરૂઆત કઈ પોલીસે કરી હતી ?
(A) આઈરિશ (B) ઝ્યુરિક (C) બેઈજિંગ (D) હોંગકોંગ (B)

8. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમના ફિક્સ પગાર આધારિત કર્મચારીઓના વેતનમાં વધારો કરવામાં આવ્યો છે...સરકારના આ નિર્ણયનો અમલ ક્યારથી થશે ?
(A) 1 એપ્રિલ, 2019 (B) 16 ઓક્ટોબર, 2019
(C) 1 ડિસેમ્બર, 2019 (D) 1 જાન્યુઆરી, 2020 (B)

9. ગુજરાત સરકારે તાજેતરમાં ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમના વર્ગ-4ના કર્મચારીઓનો ફિક્સ પગાર રૂ. 9,000થી વધારીને કેટલો કર્યો છે ?
(A) 12,000 (B) 15,000 (C) 16,000 (D) 16,500 (B)

10. ગુજરાત સરકારે તાજેતરમાં ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમના વર્ગ-3 અથવા તો એકમ કક્ષા વર્ગ-3ના કર્મચારીઓ ફિક્સ પગાર રૂ. 10,000થી વધારીને કેટલો કર્યો છે ?
(A) 15,000 (B) 16,000 (C) 17,000 (D) 17,500 (B)

11. ગુજરાત સરકારે તાજેતરમાં ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમના ડ્રાઈવર કમ કંડક્ટરનો ફિક્સ પગાર રૂ. 11,000થી વધારીને કેટલો કર્યો છે ?
(A) 17,000 (B) 18,000 (C) 19,000 (D) 19,500 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 16 OCTOBER, 2019 WEDNESDAY

➢ **દિવસ મહિમા :** 16 ઓક્ટોબર, (1) વિશ્વ ખાદ્ય દિન (World Food Day)
(2) વિશ્વ એનેસ્થેસિયા દિવસ (World Anaesthesia Day)

### વિશ્વ ખાદ્ય દિવસ

સમગ્ર વિશ્વમાં ખાદ્ય સુરક્ષા તથા ખાદ્યની પહોંચ સુનિશ્ચિત કરવા માટે દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 16 ઓક્ટોબર, 1945ના રોજ યુનાઈટેડ નેશન્સની Food and Agriculture Organization નામની સંસ્થાની સ્થાપના થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2019ની 'વિશ્વ ખાદ્ય દિવસ'ની થીમ 'Our Actions are Our Future, Healthy Diets for A #ZeroHunger World' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ GLOBAL HUNGER INDEX (GHI) 2019માં ભારત 102મા ક્રમે



તાજેતરમાં 16 ઓક્ટોબર, 2019ને '**વિશ્વ ખાદ્ય દિવસ**' નિમિત્તે આયર્લેન્ડની **Concern Worldwide** અને જર્મનીની **Welt hunger hilfe** દ્વારા વર્ષ **2019**નો **ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI)** પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં કુલ **117** દેશોમાં **ભારત 102મા** ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં વર્ષ **2018**માં **ભારત 103મા** અને **2017**માં **100મા** ક્રમે હતું.
- જ્યારે વર્ષ **2019**ના આ ઈન્ડેક્સમાં બેલારુસ, ક્યુબા, કુવૈત, તૂર્કી અને યુક્રેન સહિત કુલ **17** દેશોનો **પ્રથમ** ક્રમે સમાવેશ થયો છે.
- પ્રથમ ક્રમે આ 17 દેશો બાદ **બ્રાઝિલ 18મા** અને **આર્જેન્ટિના 19મા** ક્રમે છે. આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે 17 દેશોનો સમાવેશ થયો છે. આથી, આ 17 દેશોને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. પરંતુ ત્યારબાદ કોઈ દેશને બીજો, ત્રીજો કે ચોથો ક્રમ આપવામાં આવ્યો નથી. તેની જગ્યાએ પ્રથમ ક્રમ બાદ સીધા **18મા ક્રમે બ્રાઝિલ**નો અને **19મા ક્રમે આર્જેન્ટિના**નો સમાવેશ કરવામાં આવ્યો છે.
- વર્ષ 2019ના આ ઈન્ડેક્સમાં **સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક** અંતિમ **117મા** ક્રમે છે. જે વર્ષ **2018**માં પણ **અંતિમ** ક્રમે હતું.

**નોંધ :** આ અગાઉ વર્ષ **2018**ના આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે કુલ **15** દેશોનો સમાવેશ થયો હતો.

**Global Hunger Index 2019**

| Rank | દેશ |
|---|---|
| 1 | બેલારુસ, બલ્ગેરિયા, ક્યુબા, કુવૈત, તૂર્કી સહિત કુલ 17 દેશો |
| 18 | બ્રાઝિલ |
| 19 | આર્જેન્ટિના |
| 22 | રશિયા |
| 25 | ચીન |
| 60 | દક્ષિણ આફ્રિકા |
| 66 | શ્રીલંકા |
| 69 | મ્યાનમાર |
| 73 | નેપાળ |
| 88 | બાંગ્લાદેશ |
| 94 | પાકિસ્તાન |
| 102 | ભારત |
| 108 | અફઘાનિસ્તાન |
| 117 | સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક |

- વર્ષ **2019**ના ભૂખમરાને લગતા આ ઈન્ડેક્સમાં **ભારત**ને **30.3 અંક** મળ્યા છે. આ અંક ભારતમાં કુપોષણની **'ગંભીર'** સ્થિતિ દર્શાવે છે.

### ઈન્ડેક્સના માપદંડ

મુખ્ય ચાર માપદંડોને આધારે આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે :

(1) ઓછું પોષણ

(2) પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઊંચાઈના પ્રમાણમાં ઓછું વજન

(3) પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઉંમરના પ્રમાણમાં ઓછી ઊંચાઈ

(4) બાળ મૃત્યુદર

**નોંધ :** (1) ભારતે વર્ષ 2030 સુધીમાં 'Zero Hunger'નો લક્ષ્યાંક રાખ્યો છે.

(2) ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI)ની શરૂઆત વર્ષ 2006માં IFPRI (International Food Policy Research Institute) દ્વારા કરવામાં આવી હતી.

## ➤ IMFએ ભારતના વૃદ્ધિ દરનો અંદાજ ઘટાડીને 6.1 ટકા કર્યો

IMF દ્વારા એપ્રિલ 2019માં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટમાં વર્ષ 2019 અથવા તો નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.3 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

- ત્યારબાદ જુલાઈ 2019ના રિપોર્ટમાં તે ઘટાડીને 7 ટકા કરવામાં આવ્યો હતો.
- અને હવે તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા IMFના રિપોર્ટમાં વર્ષ 2019નો ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ 7 ટકાથી ઘટાડીને 6.1 ટકા કરવામાં આવ્યો છે.
- આથી, IMF અનુસાર વર્ષ 2019માં ભારતનો GDP વૃદ્ધિ દર 6.1 ટકા અને વર્ષ 2020માં 7 ટકા રહેવાનો અંદાજ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### IMF

IMFનું પૂરું નામ International Monetary Fund છે.

- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.
- સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ચૂકવણી પદ્ધતિઓમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવામાં તથા આંતરરાષ્ટ્રીય નાણાકીય કટોકટીના સંતુલનમાં આ સંસ્થાની મુખ્ય ભૂમિકા છે.

### વિવિધ સંસ્થાઓ દ્વારા ભારતના આર્થિક વૃદ્ધિ દરનો અંદાજ

સપ્ટેમ્બર - ઓક્ટોબર 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વિવિધ સંસ્થાઓના રિપોર્ટ અનુસાર વર્ષ 2019 અથવા તો નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો આર્થિક વૃદ્ધિ દર અથવા તો GDP વૃદ્ધિ દર આ પ્રમાણે રહેવાનો અંદાજ છે:

| ક્રમ | સંસ્થા | વર્ષ 2019 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દરનો અંદાજ |
|---|---|---|
| 1 | World Bank | 6.0 ટકા |
| 2 | RBI | 6.1 ટકા |
| 3 | S&P | 6.3 ટકા |
| 4 | ADB (Asian Development Bank) | 6.5 ટકા |
| 5 | IMF | 6.1 ટકા |

## ICE Questions

1. 'વિશ્વ ખાદ્ય દિન' અથવા તો 'World Food Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 ઓક્ટોબર (B) 15 ઓક્ટોબર (C) 16 ઓક્ટોબર (D) 17 ઓક્ટોબર (C)

2. વર્ષ 2019ની 'વિશ્વ ખાદ્ય દિવસ'ની થીમ શું છે ?

(A) Our Action Are Our Future, Healthy Diets for A #ZeroHunger

(B) Our Action Are Our Future, Healthy Diets of A #ZeroHunger

(C) Our Action Are Our Future, Healthy Diets on A #ZeroHunger

(D) ત્રણમાંથી કોઈ નહિ (A)

3. 'વિશ્વ એનેસ્થેસિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 ઓક્ટોબર (B) 15 ઓક્ટોબર (C) 16 ઓક્ટોબર (D) 17 ઓક્ટોબર (C)

4. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2019માં ભારત કયા ક્રમે છે ?

(A) 100 (B) 102 (C) 103 (D) 104 (B)

5. વર્ષ 2018ના ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ભારત કયા ક્રમે હતું ?

(A) 100 (B) 101 (C) 103 (D) 104 (C)

6. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2019માં પ્રથમ ક્રમે કુલ કેટલા દેશોનો સમાવેશ થયો છે ?

(A) 12 (B) 14 (C) 15 (D) 17 (D)

7. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2019માં અંતિમ 117મા ક્રમે કયો દેશ છે ?

(A) મોઝામ્બિક (B) ઝામ્બિયા

(C) નોર્થ આફ્રિકન રિપબ્લિક (D) સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક (D)

8. ઓક્ટોબર 2019માં પ્રસિદ્ધ થયેલા IMFના રિપોર્ટ અનુસાર વર્ષ 2019 અથવા તો નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો આર્થિક અથવા તો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?

(A) 6 ટકા (B) 6.1 ટકા (C) 6.2 ટકા (D) 6.3 ટકા (B)

9. ઓક્ટોબર 2019ના IMFના રિપોર્ટમાં વર્ષ 2020માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે ?

(A) 6.5 ટકા (B) 6.8 ટકા (C) 7 ટકા (D) 7.2 ટકા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**17 OCTOBER, 2019 THURSDAY**

## ➢ દિવસ મહિમા : 17 ઓક્ટોબર, (1) વિશ્વ ગરીબી નાબૂદ દિન (International Day for the Eradication of Poverty) (2) ડિજિટલ સોસાયટી દિવસ (Digital Society Day)

### વિશ્વ ગરીબી નાબૂદ દિન

સમગ્ર વિશ્વમાં ગરીબી નાબૂદી માટે થતા પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે તથા એ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 17 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ગરીબી નાબૂદી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ દ્વારા 22 ડિસેમ્બર, 1992ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2019ની 'વિશ્વ ગરીબી નાબૂદી દિવસ'ની થીમ 'Acting together to empower children, their families and communities to end Poverty' છે.

### ડિજિટલ સોસાયટી દિવસ

ભારતમાં 17 ઓક્ટોબર, 2000ના રોજ Information Technology Act, 2000 અમલમાં મૂકવામાં આવ્યો હતો.

- આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 17 ઓક્ટોબરના રોજ 'ડિજિટલ સોસાયટી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## ➢ મેન બૂકર પ્રાઈઝ 2019



તાજેતરમાં સુશ્રી માર્ગારેટ એટવૂડ અને સુશ્રી બેર્નાડિન એવરિસ્ટો નામના બે મહિલા સર્જકોને સંયુક્ત રીતે વર્ષ 2019 માટેનું મેન બૂકર પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યું છે.

- સુશ્રી માર્ગારેટ એટવૂડ (Margaret Atwood) એ કેનેડાના પ્રસિદ્ધ મહિલા કવિ, નવલકથાકાર, નિબંધકાર, વિવેચક, શોધક, શિક્ષક અને પર્યાવરણ કાર્યકર છે.
- તેમને તેમની અંગ્રેજી નવલકથા 'The Testaments' માટે આ પુરસ્કાર એનાયત થયો છે.
- જ્યારે સુશ્રી બેર્નાડિન એવરિસ્ટો (Bernadine Evaristo) એ બ્રિટનના પ્રસિદ્ધ નવલકથાકાર, કવિ, વિવેચક, નાટ્યકાર, નિબંધકાર અને પ્રોફેસર છે.
- તેમની લેટેસ્ટ અંગ્રેજી નવલકથા 'Girl, Woman, Other' માટે તેમને આ પુરસ્કાર એનાયત થયો છે.
- બ્રિટનના લંડનમાં જન્મેલા સુશ્રી બેર્નાડિન એવરિસ્ટો આ પુરસ્કાર જીતનારા આફ્રિકી મૂળના પ્રથમ અશ્વેત મહિલા હોવાનું કહેવાય છે.
- જ્યારે 79 વર્ષની ઉંમર ધરાવતા સુશ્રી માર્ગારેટ એટવૂડ આ પુરસ્કાર જીતનાર સૌથી મોટી ઉંમરના મહિલા હોવાનું કહેવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### મેન બૂકર પ્રાઈઝ

મેન બૂકર પ્રાઈઝને '**બૂકર-મેક્કોનેલ પ્રાઈઝ**' અથવા તો '**બૂકર પ્રાઈઝ**' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- દર વર્ષે **બ્રિટનમાં પ્રકાશિત થતી** અને **અંગ્રેજી ભાષામાં લખાયેલી શ્રેષ્ઠ મૂળ નવલકથા**ને આ એવોર્ડ એનાયત થાય છે.
- **મેન ગ્રૂપ** દ્વારા એનાયત થતો આ પુરસ્કાર **બ્રિટન**નો હાઈ પ્રોફાઈલ (ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતો) **સાહિત્યિક એવોર્ડ** છે.

### મેન બૂકર પ્રાઈઝ અને મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ વચ્ચેનો તફાવત

આ અગાઉ મે 2019 દરમિયાન **ઓમાન**ના મહિલા લેખિકા **સુશ્રી જોખા અલ-હર્થી**ને પણ તેમની નવલકથા '**સેલેસ્ટિયલ બોડીઝ**' માટે વર્ષ **2019**નો **મેન બૂકર પ્રાઈઝ** એનાયત થયો હતો.

- જોકે, તેમને મળેલો એ પુરસ્કાર '**મેન બૂકર પ્રાઈઝ**' નહિ, પરંતુ '**મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ**' હતો.
- વાસ્તવમાં બ્રિટનમાં દર વર્ષે બે '**મેન બૂકર પુરસ્કાર**' એનાયત થાય છે : (1) **મેન બૂકર પ્રાઈઝ** અને (2) **મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ.**
- જેમાંથી **અંગ્રેજી ભાષામાં લખાયેલી અને બ્રિટનમાં પ્રકાશિત થયેલી** શ્રેષ્ઠ મૂળ નવલકથાને '**મેન બૂકર પ્રાઈઝ**'થી સન્માનિત કરવામાં આવે છે.
- જ્યારે **અન્ય ભાષામાં લખાયેલી અને અંગ્રેજીમાં ભાષાંતર થયેલી** નવલકથાને '**મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ**'થી સન્માનિત કરવામાં આવે છે.
- અરબી ભાષામાં '**Sayyidat el-Qamar**' નામથી પ્રસિદ્ધ થયેલી સુશ્રી જોખા અલ–હર્થીની નવલકથાનો સુશ્રી મેરિલીન બૂથે '**Celestial Bodies**' નામથી અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ શ્રી રામ જન્મભૂમિ વિવાદ અંગેની સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચ



ભારતમાં ઉત્તરપ્રદેશના અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ મંદિરના વિવાદ અંગેનો ચુકાદો 17 નવેમ્બર 2019 સુધીમાં આવવાની સંભાવના છે. તેથી આ મુદ્દો હાલ ચર્ચામાં છે.

- આ વિવાદના ઉકેલ માટે **સુપ્રીમ કોર્ટ** દ્વારા જાન્યુઆરી 2019માં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ **શ્રી રંજન ગોગોઈ**ની **અધ્યક્ષતા**માં **પાંચ જજો**ની નવી બંધારણીય **બેન્ચ**ની રચના કરવામાં આવી હતી.
- આ બેન્ચના **પાંચ સભ્યો**ના નામ આ પ્રમાણે છે :

**(1) ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ (અધ્યક્ષ)**

**(2) જસ્ટિસ એસ.એ. બોબડે**

**(3) જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ**

**(4) જસ્ટિસ અશોક ભૂષણ**

**(5) જસ્ટિસ એસ.એ. નઝીર**

- ઉપરોક્ત બેન્ચ દ્વારા હાલ આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી છે.

## ➤ ગુજરાત સરકાર દ્વારા ડાંગર, મકાઈ અને બાજરીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે



ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં મગફળી બાદ હવે ડાંગર, મકાઈ અને બાજરીની કેન્દ્ર સરકારે નક્કી કરેલા લઘુતમ ટેકાના ભાવથી ખરીદી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

- આ અંતર્ગત ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા 16 ઓક્ટોબરથી 31 ડિસેમ્બર 2019 દરમિયાન વિવિધ APMC કેન્દ્રો તેમજ અન્ય કેન્દ્રોમાં ડાંગર, મકાઈ અને બાજરીની લઘુતમ ટેકાના ભાવથી ખરીદી કરવામાં આવશે.
- ડાંગર, મકાઈ અને બાજરી ઉપરાંત મગફળીના લઘુતમ ટેકાના ભાવ આ પ્રમાણે છે :

| ક્રમ | પાક | પ્રતિ ક્વિન્ટલ લઘુતમ ટેકાના ભાવ રૂપિયામાં |
|---|---|---|
| 1 | ડાંગર (કોમન) | 1815 |
| 2 | ડાંગર (ગ્રેડ–એ) | 1835 |
| 3 | મકાઈ | 1760 |
| 4 | બાજરી | 2000 |
| 5 | મગફળી | 5090 |

**નોંધ :** APMCનું પૂરું નામ Agricultural Produce Market Committee (ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. ‘વિશ્વ ગરીબી નાબૂદી દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 15 ઓક્ટોબર (B) 16 ઓક્ટોબર (C) 17 ઓક્ટોબર (D) 18 ઓક્ટોબર **(C)**

2. ‘ડિજિટલ સોસાયટી દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 15 ઓક્ટોબર (B) 16 ઓક્ટોબર (C) 17 ઓક્ટોબર (D) 18 ઓક્ટોબર **(C)**

3. તાજેતરમાં કયા બે મહિલા સર્જકોને સંયુક્ત રીતે વર્ષ 2019નો મેન બૂકર પ્રાઈઝ એનાયત થયો છે ?
   (A) સુશ્રી માર્ગારેટ એટવૂડ અને સુશ્રી ઓલ્ગા તોકાર્ઝુક
   (B) સુશ્રી માર્ગારેટ એટવૂડ અને સુશ્રી બ્રેન્ટલી અર્નેસ્ટ
   (C) સુશ્રી માર્ગારેટ એટવૂડ અને સુશ્રી બેર્નાડિન એવરિસ્ટો
   (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

4. તાજેતરમાં વર્ષ 2019નો મેન બૂકર પુરસ્કાર વિજેતા સુશ્રી માર્ગારેટ એટવૂડ કયા દેશના મહિલા સર્જક છે ?
   (A) બ્રિટન (B) અમેરિકા (C) ઓસ્ટ્રિયા (D) કેનેડા **(D)**

5. સુશ્રી માર્ગારેટ એટવૂડને તાજેતરમાં તેમની કઈ નવલકથા માટે વર્ષ 2019નો મેન બૂકર પુરસ્કાર એનાયત થયો છે ?

(A) The Testaments (B) The Tallest

(C) Girl, Woman, Other (D) Girl Hate

(A)

6. સુશ્રી બેર્નાડિન એવરિસ્ટોને તાજેતરમાં તેમની કઈ નવલકથા માટે વર્ષ 2019નો મેન બૂકર પુરસ્કાર એનાયત થયો છે ?

(A) Woman, Girl, Other (B) Girl Hate

(C) Girl, Woman, Other (D) Her Back

(C)

7. અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ વિવાદ કેસની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ દ્વારા જાન્યુઆરી 2019માં કેટલા સભ્યોની એક બંધારણીય બેન્ચની રચના કરવામાં આવી છે ?

(A) પાંચ (B) સાત (C) નવ (D) અગિયાર

(A)

8. જાન્યુઆરી 2019માં સુપ્રીમ કોર્ટ દ્વારા કોની અધ્યક્ષતામાં શ્રી રામ જન્મભૂમિ વિવાદ કેસની સુનાવણી માટે પાંચ સભ્યોની એક બંધારણીય બેન્ચની રચના કરવામાં આવી હતી ?

(A) શ્રી રંજન ગોગોઈ (B) શ્રી એસ.એ. બોબડે

(C) શ્રી મદન લોકુર (D) શ્રી અશોક ભૂષણ

(A)

9. અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ વિવાદ કેસની સુનાવણી માટે જાન્યુઆરી 2019માં રચાયેલી સુપ્રીમ કોર્ટની પાંચ સભ્યોની બંધારણીય બેન્ચમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) જસ્ટિસ મદન લોકુર (B) જસ્ટિસ એસ.એ. બોબડે

(C) જસ્ટિસ અશોક ભૂષણ (D) જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ

(A)

10. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ડાંગર, મકાઈ અને બાજરીની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે...આ પાક અને પ્રતિ ક્વિન્ટલ તેના લઘુતમ ટેકાના ભાવની નીચેની જોડમાંથી કઈ જોડ સાચી નથી ?

(A) ડાંગર (કોમન) – રૂ. 1815 (B) ડાંગર (ગ્રેડ–એ) – રૂ. 1825

(C) મકાઈ – રૂ. 1760 (D) બાજરી – રૂ. 2000

(B)

11. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં પ્રતિ ક્વિન્ટલ કેટલા રૂપિયાના લઘુતમ ટેકાના ભાવથી મગફળીની ખરીદી કરવામાં આવી છે ?

(A) 5020 (B) 5040 (C) 5080 (D) 5090

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 18 OCTOBER, 2019 FRIDAY

### ➤ 'સેવા સેતુ' કાર્યક્રમના પાંચમા તબક્કાનો દાહોદના અંતેલાથી પ્રારંભ



ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ તાજેતરમાં **ગુજરાત**માં દાહોદ જિલ્લાના **અંતેલા** ખાતેથી **'સેવા સેતુ' કાર્યક્રમ**ના **પાંચમા તબક્કા**નો પ્રારંભ કરાવ્યો છે.

- આ અગાઉ યોજાયેલા ચાર તબક્કામાં આશરે 1 કરોડ 53 લાખ જેટલી રજૂઆતોનો સકારાત્મક ઉકેલ આપીને ગુજરાત સરકારે આ કાર્યક્રમ અંતર્ગત 99 ટકા સિદ્ધિ હાંસલ કરી છે.
- 'સેવા સેતુ' કાર્યક્રમ અંતર્ગત સરકારી તંત્ર સામે ચાલીને નાગરિકોના ઘરઆંગણે જઈ સરકારી સેવાઓ પહોંચાડે છે.
- આ કાર્યક્રમ અંતર્ગત રેશનકાર્ડ કઢાવવા, આવકના દાખલા, જાતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, આયુષ્માન કાર્ડ, અમૃતમ કાર્ડ વગેરે જેવી ગુજરાત સરકારની 57 પ્રકારની વિવિધ સેવાઓ નાગરિકોને ઘરથી નજીક મળે છે.
- આ ઉપરાંત **પશુઓ** માટે **આરોગ્ય કેમ્પનું** પણ આયોજન કરવામાં આવે છે.

**નોંધ :** (1) 'સેવા સેતુ' કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **અંતેલા** ગામે યોજાયેલા **પશુ આરોગ્ય કેમ્પ**ની મુલાકાત લઈને **ગૌ પૂજન** પણ કર્યું હતું.

(2) ગુજરાતમાં 'સેવા સેતુ' કાર્યક્રમનો પ્રારંભ **નવેમ્બર, 2016**થી થયો હતો.

(3) મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અગાઉ દાહોદ જિલ્લાના **ઢઢેલા** ખાતેથી 'સેવા સેતુ' કાર્યક્રમના **ચોથા તબક્કા**નો પ્રારંભ કરાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ લિથિયમ આયર્ન બેટરીના ઉત્પાદનમાં ગુજરાત ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનશે

ગુજરાતમાં **ઈલેક્ટ્રીક વાહનો**ના ઉપયોગ માટેની **લિથિયમ આયર્ન બેટરી**ના ઉત્પાદન માટે તાજેતરમાં **ગુજરાત સરકાર** અને **જાપાન**ની **AEPPL** નામની કંપની વચ્ચે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં **ગાંધીનગર** ખાતે MOU થયા છે.

- આ અંતર્ગત **જાપાન**ની **Automotive Electronics Power Private Ltd (AEPPL)** નામની કંપની દ્વારા બે તબક્કામાં રૂ.4930 કરોડના રોકાણ સાથે **હાંસલપુર** ખાતે આવેલા લિથિયમ આયર્ન બેટરીના ઉત્પાદન માટે પોતાના પ્લાન્ટનું વિસ્તરણ કરવામાં આવશે.
- જેમાં પ્રથમ તબક્કામાં વર્ષ 2020ના અંત સુધીમાં રૂ.1250 કરોડના ખર્ચે લિથિયમ બેટરી પેક અને મોડ્યુલ મેન્યુફેક્ચરીંગ ફેસિલિટીનો પ્રારંભ કરવામાં આવશે.

**નોંધ :** (1) AEPPLએ મારૂતિ સુઝૂકી કોર્પોરેશન, ટોશીબા અને ડેન્સોનું સંયુક્ત સાહસ છે.

(2) ગુજરાતના હાંસલપુર ખાતે AEPPLના પ્રોજેક્ટનો શિલાન્યાસ વર્ષ 2017માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને જાપાનના વડાપ્રધાન શ્રી શિન્જો અબેની ઉપસ્થિતિમાં થયો હતો.

ICE Questions

1. તાજેતરમાં ઓક્ટોબર, 2019 દરમિયાન ગુજરાતમાં 'સેવા સેતુ' કાર્યક્રમના કેટલામા તબક્કાનો પ્રારંભ થયો હતો ?
(A) ત્રીજા (B) ચોથા (C) પાંચમા (D) છઠ્ઠા **(C)**

2. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતમાં 'સેવા સેતુ' કાર્યક્રમના પાંચમા તબક્કાનો ક્યાંથી પ્રારંભ કરાવ્યો છે ?
(A) ઢઢેલા, દાહોદ (B) અંતેલા, દાહોદ
(C) અગવાડા, દાહોદ (D) બાવકા, દાહોદ **(B)**

3. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'સેવા સેતુ' કાર્યક્રમ અંતર્ગત કઈ જગ્યાએ યોજાયેલા પશુ આરોગ્ય કેમ્પની મુલાકાત લઈને ગૌ પૂજન કર્યું હતું ?
(A) ઢઢેલા, દાહોદ (B) અંતેલા, દાહોદ
(C) અગવાડા, દાહોદ (D) બાવકા, દાહોદ **(B)**

4. ગુજરાતમાં 'સેવા સેતુ' કાર્યક્રમનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
(A) નવેમ્બર, 2014 (B) નવેમ્બર, 2015 (C) નવેમ્બર, 2016 (D) નવેમ્બર, 2017 **(C)**

5. તાજેતરમાં ગુજરાતમાં જાપાનની કઈ કંપનીએ લિથિયમ આયર્ન બેટરીના ઉત્પાદન માટે ગુજરાત સરકાર સાથે MOU કર્યા છે ?
(A) ઓટોમોટિવ ઈલેક્ટ્રોનિક્સ પાવર પ્રાઈવેટ લિમિટેડ (AEPPL)
(B) ઓટોમોટેડ ઈલેક્ટ્રોનિક્સ પાવર પ્રાઈવેટ લિમિટેડ (AEPPL)
(C) ઓટોમેટિક ઈલેક્ટ્રોનિક્સ પાવર પ્રાઈવેટ લિમિટેડ (AEPPL)
(D) ઓટોટેક ઈલેક્ટ્રોનિક્સ પાવર પ્રાઈવેટ લિમિટેડ (AEPPL) **(A)**

6. તાજેતરમાં જાપાનની ઓટોમોટિવ કંપનીએ લિથિયમ આયર્ન બેટરીના ઉત્પાદન માટે ગુજરાતમાં કઈ જગ્યાએ આવેલા તેના પ્લાન્ટના વિસ્તરણ માટે કર્યા છે ?
(A) સાણંદ (B) અંકલેશ્વર (C) આણંદ (D) હાંસલપુર **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 19 OCTOBER, 2019 SATURDAY

### ➤ નીતિ આયોગના India Innovation Index 2019માં કર્ણાટક પ્રથમ

તાજેતરમાં નીતિ આયોગ દ્વારા ભારતમાં 'India Innovation Index 2019' લોન્ચ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં કર્ણાટક પ્રથમ ક્રમે છે.
- કર્ણાટક બાદ તમિલનાડુ બીજા અને મહારાષ્ટ્ર ત્રીજા ક્રમે છે.
- જ્યારે આ ઈન્ડેક્સમાં ગુજરાત નવમા ક્રમે છે.
- અને ઝારખંડ અંતિમ 17મા ક્રમે છે.

| India Innovation Index 2019 | |
|---|---|
| ક્રમ | રાજ્ય |
| 1 | કર્ણાટક |
| 2 | તમિલનાડુ |
| 3 | મહારાષ્ટ્ર |
| 4 | તેલંગાણા |
| 5 | હરિયાણા |
| 7 | ઉત્તરપ્રદેશ |
| 9 | ગુજરાત |
| 17 | ઝારખંડ |




- આ ઉપરાંત આ ઈન્ડેક્સમાં ભારતના **પૂર્વોત્તર અને પહાડી (હિમાલયન) રાજ્યો**માં **સિક્કિમ પ્રથમ** ક્રમે અને **મેઘાલય અંતિમ 11મા** ક્રમે છે.
- જ્યારે ભારતના **કેન્દ્રશાસિત પ્રદેશો** અને ગોવા જેવા **નાના રાજ્યો**માં **દિલ્હી પ્રથમ** ક્રમે અને **લક્ષદ્વિપ અંતિમ 8મા** ક્રમે છે.

**નોંધ :** (1) ઈન્સ્ટિટ્યૂટ ફોર કોમ્પિટિટિવનેસના સહયોગથી નીતિ આયોગ દ્વારા આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યો છે.

(2) વર્ષ 2017થી ભારતમાં આ ઈન્ડેક્સનો પ્રારંભ થયો છે. વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલો આ ઈન્ડેક્સ આ શૃંખલાનો ત્રીજો ઈન્ડેક્સ છે.

## ➤ ગુજરાતના 6 જિલ્લામાં ભારતની સૌથી મોટી રાજ્ય કક્ષાની સફળ 'કેમિકલ ડિઝાસ્ટર એક્સરસાઈઝ' મોકડ્રીલ યોજાઈ

તાજેતરમાં **ગુજરાત**ના **6 જિલ્લાઓમાં 'કેમિકલ ડિઝાસ્ટર એક્સરસાઈઝ'** મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

- જે **ભારત**માં યોજાયેલી રાજ્યકક્ષાની સૌથી **મોટી** મોકડ્રીલ હતી.
- આ ઉપરાંત **ભારત**માં **કેમિકલ ડિઝાસ્ટર** અંગે યોજાયેલી આ **પ્રથમ** મોકડ્રીલ હતી.
- આ મોકડ્રીલમાં ગુજરાતના **કેમિકલ કોરીડોર** તરીકે ઓળખાતા **જામનગર, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત અને વલસાડ** સહિત કુલ **6** જિલ્લાઓએ ભાગ લીધો હતો.
- આ મોકડ્રીલ અંતર્ગત આ છ જિલ્લાઓમાં આવેલી વિવિધ ઈન્ડસ્ટ્રીઝ-રિફાઈનરીઓમાં **ગેસ લિકેજ** અંગે એક્સરસાઈઝ યોજાઈ હતી.

**નોંધ :** (1) ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સંયુક્ત ઉપક્રમે આ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) ઉપરોક્ત છ જિલ્લાઓમાં યોજાયેલી કેમિકલ ડિઝાસ્ટર મોકડ્રીલ ઉપરાંત ભૂજમાં 7.7 રીક્ટર સ્કેલના ભૂકંપ અંગે પણ મોકડ્રીલ યોજાઈ હતી.

## ➤ ગુજરાતમાં I.T. અને I.T.E.S., માઈનીંગ સેક્ટર તથા લોજીસ્ટીક સેક્ટરને બોનાફાઈડ ઉદ્યોગનો દરજ્જો




ગુજરાતમાં **માઈનીંગ સેક્ટર**, **લોજીસ્ટીક સેક્ટર** તથા **I.T. અને I.T. એનેબલ્ડ સર્વિસિઝ**નો વિકાસ થાય તે માટે ગુજરાત સરકારે તેમને **બોનાફાઈડ ઉદ્યોગ**નો દરજ્જો આપવાનો નિર્ણય કર્યો છે.

- સરકારના આ નિર્ણયથી હવે ગુજરાતમાં આવા ઉદ્યોગોની સ્થાપના કરવામાં સરળતા થશે.
- માઈનીંગ, લોજીસ્ટીક, I.T. અને I.T.E.S.ને બોનાફાઈડ ઉદ્યોગોનો દરજ્જો મળતા હવે આવા ઉદ્યોગોની સ્થાપના માટે **બિનખેતી પરવાનગી** માટે તેમજ ખેતીની જમીન ખરીદવા **આગોતરી મંજૂરી**ની જરૂર પડશે નહિ.
- સામાન્ય રીતે ખેતીની જમીનનો ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગ કરવાનો હોય ત્યારે **જમીન મહેસૂલ અધિનિયમ**ની **કલમ-65(ખ)** તેમજ **ગણોતધારા કલમ 63AA**ની જોગવાઈ પ્રમાણે સંબંધિત **કલેક્ટરશ્રીની પૂર્વ મંજૂરી** લેવી જરૂરી હોય છે.
- પરંતુ, હવે ઉપરોક્ત કિસ્સામાં આવી જમીનના ઉપયોગના **30 દિવસ**ની અંદર **કલેક્ટરશ્રીને માત્ર જાણ કરવાની રહેશે.**

### ICE Questions

1. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ઈન્ડિયા ઈનોવેશન (નવીનીકરણ) ઈન્ડેક્સ 2019'માં પ્રથમ ક્રમે અથવા તો ભારતના મોટા રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
   (A) કર્ણાટક (B) તમિલનાડુ (C) ગુજરાત (D) મહારાષ્ટ્ર — **(A)**
2. નીતિ આયોગના 'ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ 2019'માં પૂર્વોત્તર અને હિમાલયન રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
   (A) ઉત્તરાખંડ (B) અરૂણાચલ પ્રદેશ (C) સિક્કિમ (D) મેઘાલય — **(C)**
3. નીતિ આયોગના 'ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ 2019'માં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશો અને નાના રાજ્યોમાં કયું પ્રથમ ક્રમે છે ?
   (A) દિલ્હી (B) લક્ષદ્વિપ (C) ગોવા (D) ચંદીગઢ — **(A)**
4. નીતિ આયોગના 'ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ 2019'માં ભારતનું કયું રાજ્ય અંતિમ ક્રમે છે ?
   (A) ઝારખંડ (B) બિહાર (C) ઉત્તરપ્રદેશ (D) તેલંગાણા — **(A)**
5. નીતિ આયોગના 'ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ 2019'માં ગુજરાત કયા ક્રમે છે ?
   (A) બીજા (B) ચોથા (C) પાંચમા (D) નવમા — **(D)**
6. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં કેમિકલ ડિઝાસ્ટર અંગે સૌપ્રથમ વખત મોકડ્રીલ યોજાઈ હતી ?
   (A) મધ્યપ્રદેશ (B) કેરળ (C) ગુજરાત (D) તમિલનાડુ — **(C)**
7. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં કેમિકલ ડિઝાસ્ટર અંગે રાજ્ય કક્ષાની સૌથી મોટી મોકડ્રીલ યોજાઈ હતી ?
   (A) ગુજરાત (B) હરિયાણા (C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક — **(A)**
8. તાજેતરમાં ગુજરાતના કેટલા જિલ્લાઓમાં કેમિકલ ડિઝાસ્ટર અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું?
   (A) ચાર (B) પાંચ (C) છ (D) દસ — **(C)**

9. તાજેતરમાં ગુજરાતના છ જિલ્લાઓમાં કેમિકલ ડિઝાસ્ટર અંગે મોકડ્રીલ યોજાઈ હતી...આ છ જિલ્લાઓમાં નીચેનામાંથી કયા જિલ્લાનો સમાવેશ થતો નથી ?
(A) સુરત (B) વલસાડ (C) ભરૂચ (D) નવસારી **(D)**

10. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં કયા સેક્ટરને બોનાફાઈડ ઉદ્યોગ અથવા તો બોનાફાઈડ ઈન્ડસ્ટ્રીઝનો દરજ્જો આપવામાં આવ્યો છે ?
(A) I.T., ફાર્મા, માઈનિંગ, લોજીસ્ટીક (B) I.T., I.T.E.S., ફાર્મા, માઈનિંગ
(C) I.T., I.T.E.S., ફાર્મા, લોજીસ્ટીક (D) I.T., I.T.E.S., માઈનિંગ, લોજીસ્ટીક **(D)**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી ધ્રુવ ભટ્ટના ગુજરાતી ગીતો હવે બન્યા ડિજિટલ

ગુજરાતી સાહિત્ય જગતમાં તાજેતરમાં લગભગ પ્રથમ વખત એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ધ્રુવ ભટ્ટ લીખિત ગીતોને હવે યૂટ્યૂબ પર 'ધ્રુવ ગીત'ના નામથી ડિજિટલ સ્વરૂપમાં મૂકવામાં આવી રહ્યા છે. શ્રી ધ્રુવ ભટ્ટ રચિત 'ગાય એનાં ગીત' પુસ્તકમાંના ગીતોનું ડિજીટલાઈઝેશન કરીને યૂટ્યૂબ પર મૂકવામાં આવશે. ગુજરાતી સાહિત્ય જગતમાં ગીતના શબ્દો મુજબનું વીડિયો સોન્ગ બનાવવાનો આ લગભગ પ્રથમ પ્રયોગ છે.

### ➤ શ્રી પરિમલ નથવાણી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના નવા પ્રમુખ બન્યા

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના નવા પ્રુમખ તરીકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સિનિયર ગ્રૂપ પ્રેસિડેન્ટ અને રાજ્યસભાના સાંસદ શ્રી પરિમલ નથવાણીની નિયુક્તિ કરવામાં આવી છે. શ્રી પરિમલ નથવાણી અગાઉ ગુજરાત ક્રિકેટ એસોસિએશનના ઉપ પ્રમુખ તરીકે પણ રહી ચૂક્યા છે. ગુજરાત ફૂટબોલ એસોસિએશનના નવા પ્રમુખ તરીકે શ્રી પરિમલ નથવાણી શ્રી ધનરાજ નથવાણીનું સ્થાન લેશે.

### ➤ ગુજરાતની શાળાઓમાં દીકરીઓને આત્મરક્ષાની તાલીમ આપવા 'કવચ' કાર્યક્રમનો પ્રારંભ

ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલિયાએ તાજેતરમાં ગુજરાતના ગાંધીનગર ખાતેથી 'કવચ' કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની તમામ શાળાઓની દીકરીઓને આત્મરક્ષણની તાલીમ આપવામાં આવશે. જેમાં 'ગુડ ટચ અને બેડ ટચ'ની દીકરીઓને સમજણ આપીને આકસ્મિક સમયે આત્મરક્ષણની તાલીમ આપવામાં આવશે. ગુજરાત મહિલા આયોગ અને ગુજરાત પોલીસના સહયોગથી હાથ ધરવામાં આવેલા આ કાર્યક્રમમાં સુરક્ષા ટીપ્સ આપતી 'કવચ' બુકલેટનું પણ લોન્ચિંગ કરાયું હતું.

### ➤ ભાવનગર જિલ્લાના ઘેટી ખાતે મુકાયું ગુજરાતનું સૌપ્રથમ હેલ્થ A.T.M.

ગુજરાતમાં **ભાવનગર** જિલ્લાના **પાલિતાણા** તાલુકાના **ઘેટી** નામના ગામમાં આવેલા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં ગુજરાતનું **સૌપ્રથમ હેલ્થ A.T.M.** મૂકવામાં આવ્યું છે. 12 ઓકટોબર 2019ના રોજ કેન્દ્રીય મંત્રી **શ્રી મનસુખ માંડવીયા**ના વરદ હસ્તે આ હેલ્થ A.T.M.નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ હેલ્થ A.T.M. દ્વારા ડાયાબીટીસ, મેલેરીયા, ડેન્ગ્યુ, યુરીન ટેસ્ટ, આંખના નંબરની તપાસ, ચામડીના રોગની તપાસ વગેરે જેવા 41**થી વધારે ટેસ્ટ** કરી શકાય છે. **A.T.M.નું** પૂરું નામ **Automated Teller Machine** છે.

## ભારત

### ➤ સુશ્રી પ્રાંજલ પાટિલ ભારતના પ્રથમ પ્રજ્ઞાચક્ષુ મહિલા IAS ઓફિસર બન્યા

તાજેતરમાં **સુશ્રી પ્રાંજલ પાટિલે** **કેરળ**ના **તિરુવનંતપુરમ**ના **નાયબ કલેકટરનું** પદ સંભાળી લીધું છે. આ સાથે જ **સુશ્રી પ્રાંજલ પાટિલ** ભારતના **પ્રથમ પ્રજ્ઞાચક્ષુ મહિલા IAS ઓફિસર** બની ગયા છે. સુશ્રી પ્રાંજલ પાટિલનો જન્મ **મહારાષ્ટ્ર**માં થયો હતો. તેઓ **કેરળ** કેડરના IAS ઓફિસર બન્યા છે.

### ➤ શ્રી યશસ્વી જયસ્વાલ લિસ્ટ-એમાં બેવડી સદી ફટકારનાર વિશ્વના સૌથી યુવા ખેલાડી બન્યા

તાજેતરમાં ભારતમાં રમાઈ રહેલી **વિજય હઝારે ટ્રોફી**માં **મુંબઈ** તરફથી રમતા **શ્રી યશસ્વી જયસ્વાલે ઝારખંડ** વિરૂદ્ધ **બેવડી સદી(203 રન)** ફટકારી હતી. આ સાથે જ 17 વર્ષ અને 292 દિવસની ઉંમરે આ બેવડી સદી ફટકારીને **શ્રી યશસ્વી જયસ્વાલે લિસ્ટ-એ ક્રિકેટ**માં **સૌથી નાની વયે બેવડી સદી ફટકારવાનો** રેકોર્ડ બનાવ્યો છે. આ અગાઉ આ રેકોર્ડ **દક્ષિણ આફ્રિકા**ના **શ્રી એલન બારોવ**ના નામે હતો. તેમણે 20 વર્ષ અને 273 દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી. શ્રી યશસ્વી જયસ્વાલનો જન્મ **ઉત્તરપ્રદેશ**ના **ભદોહી** જિલ્લામાં 28 ડિસેમ્બર, 2001ના રોજ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

### ➤ FATFએ પાકિસ્તાનને 'ગ્રે લિસ્ટ'માં યથાવત્ રાખ્યું

તાજેતરમાં **ફ્રાન્સ**ના **પેરિસ** ખાતે **FATF**ની પાંચ દિવસની બેઠકનું આયોજન થયું હતું. આ બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર **પાકિસ્તાન**ને **FATF**ના **'ગ્રે લિસ્ટ'**માં યથાવત્ રાખવામાં આવ્યું છે. અને સાથે સાથે તેને **ફેબ્રુઆરી 2020** સુધીમાં **એકશન પ્લાન** પૂરો કરવા માટેની મુદત આપવામાં આવી છે. જો આ સમય દરમિયાન તે એકશન પ્લાન પૂરો નહિ કરે તો **'બ્લેક લિસ્ટ'**માં મૂકાઈ શકે છે. **FATFનું** પૂરું નામ **Financial Action Task Force** છે. તેનું વડું મથક **ફ્રાન્સ**ના **પેરિસ** ખાતે આવેલું છે. તેના વર્તમાન અધ્યક્ષ ચીનના **શ્રી ઝિઆંગ્મિન લિયુ** છે.

## ICE Questions

- તાજેતરમાં ગુજરાતી ભાષાના કયા પ્રસિદ્ધ સાહિત્યકારના ગીતોને ડિજિટલ સ્વરૂપ આપીને યૂટ્યૂબ પર મૂકવામાં આવી રહ્યા છે ? – શ્રી ધ્રુવ ભટ્ટ
- શ્રી ધ્રુવ ભટ્ટ લીખિત ગીતોને કયા નામથી યૂટ્યૂબ પર ડિજિટલ સ્વરૂપમાં મૂકવામાં આવી રહ્યા છે ? – ધ્રુવ ગીત
- ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના નવા પ્રમુખ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી પરિમલ નથવાણી
- ગુજરાતની શાળાઓમાં દીકરીઓને આત્મરક્ષાની તાલીમ આપવા ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલિયાએ તાજેતરમાં કયા કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો છે ? – કવચ
- ગુજરાતની શાળાઓમાં દીકરીઓને આત્મરક્ષણની તાલીમ આપવા ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલિયાએ ક્યાંથી 'કવચ' કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો છે ? – ગાંધીનગર
- તાજેતરમાં ગુજરાતના કયા ગામના આરોગ્ય કેન્દ્ર અથવા તો હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં ગુજરાતના સૌપ્રથમ હેલ્થ A.T.M.નો પ્રારંભ થયો છે ? – ઘેટી (તા. પાલિતાણા, જિ. ભાવનગર)
- તાજેતરમાં ગુજરાતના ભાવનગર જિલ્લામાં કોના દ્વારા ગુજરાતના પ્રથમ હેલ્થ A.T.M.નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું ? – શ્રી મનસુખ માંડવિયા
- તાજેતરમાં જ હોદ્દો સંભાળનાર ભારતના પ્રથમ પ્રજ્ઞાચક્ષુ (અંધ) મહિલા IAS ઓફિસરનું નામ શું છે ? – સુશ્રી પ્રાંજલ પાટિલ
- તાજેતરમાં સુશ્રી પ્રાંજલ પાટિલ ભારતના પ્રથમ પ્રજ્ઞાચક્ષુ મહિલા IAS ઓફિસર બન્યા છે...તેમણે કયા શહેરમાં નાયબ કલેક્ટરનું પદ સંભાળ્યું છે ? – તિરુવનંતપુરમ (કેરળ)
- ભારતના પ્રથમ પ્રજ્ઞાચક્ષુ મહિલા IAS ઓફિસર સુશ્રી પ્રાંજલ પાટિલનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો? – મહારાષ્ટ્ર
- લિસ્ટ–એ ક્રિકેટમાં બેવડી સદી ફટકારનાર વિશ્વના સૌથી યુવા ખેલાડીનું નામ શું છે ? – શ્રી યશસ્વી જયસ્વાલ
- શ્રી યશસ્વી જયસ્વાલે તાજેતરમાં કઈ ક્રિકેટ ટીમ તરફથી રમતા લિસ્ટ-એ ક્રિકેટમાં બેવડી સદી ફટકારનાર વિશ્વના સૌથી યુવા ખેલાડી બનવાનો રેકોર્ડ બનાવ્યો છે ? – મુંબઈ તરફથી રમતા ઝારખંડ વિરુદ્ધ બેવડી સદી ફટકારી છે
- શ્રી યશસ્વી જયસ્વાલ કયા રાજ્યના ખેલાડી છે ? – ઉત્તરપ્રદેશ
- ઓક્ટોબર 2019 દરમિયાન FATFની બેઠકનું આયોજન ક્યાં થયું હતું ? – પેરિસ (ફ્રાન્સ)
- તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન ફ્રાન્સના પેરિસ ખાતે મળેલી FATFની બેઠકમાં પાકિસ્તાનને કયા લિસ્ટમાં યથાવત્ રાખવામાં આવ્યું છે ? – ગ્રે લિસ્ટ
- FATFનું પૂરું નામ શું છે ? – Financial Action Task Force
- FATFનું વડુંમથક કયાં આવેલું છે ? – પેરિસ (ફ્રાન્સ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. ભારતના કયા શહેરમાં પ્રદૂષણ ઘટાડવા માટે 4થી 15 નવેમ્બર 2019 સુધી વાહનો માટે ઓડ–ઈવન યોજના અમલમાં મૂકવામાં આવશે ? – નવી દિલ્હી
2. વિશ્વની પ્રથમ ક્લોન ગાયનું 21 વર્ષની ઉંમરે તાજેતરમાં જ જાપાનમાં મૃત્યુ થયું છે...આ ગાયનું નામ શું છે ? – કાગા
3. સ્પેસવોક કરનારા વિશ્વના પ્રથમ અવકાશયાત્રી શ્રી એલેક્સેઈ લિયોનોવનું તાજેતરમાં નિધન થયું છે...તેમના દેશનું નામ શું છે ? – રશિયા
4. વધુ ખાંડવાળા બિનઆરોગ્યપ્રદ પીણાંઓની જાહેરાત પર પ્રતિબંધ મૂકનાર વિશ્વના પ્રથમ દેશનું નામ શું છે ? – સિંગાપોર
5. કેન્દ્ર સરકારની મેડિકલ એડવાઈઝરી કાઉન્સિલમાં તાજેતરમાં ગુજરાતના સભ્ય તરીકે કયા કુલપતિની નિમણૂક કરવામાં આવી છે ? – ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી હિમાંશુ પંડ્યા
6. તાજેતરમાં જ બે કલાકથી ઓછા સમયમાં મેરેથોન પૂર્ણ કરનાર વિશ્વના પ્રથમ એથ્લીટનું નામ શું છે ? – શ્રી એલિયડ કિપ્ચોંગ (કેન્યા)
7. વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપની સેમી ફાઈનલ મેચમાં ભારતના સુશ્રી એમ.સી. મેરી કોમનો કોની સામે પરાજય થતાં તેમને બ્રોન્ઝ મેડલ મળ્યો છે ? – સુશ્રી બુસે નાઝ કાકિરોગ્લુ (તૂર્કી)
8. તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન જાપાનમાં ત્રાટકેલા 60 વર્ષના સૌથી શક્તિશાળી વાવાઝોડાનું નામ શું છે ? – હગિબીસ
9. તાજેતરમાં કયા દેશમાં ત્રાટકેલા 'હગિબીસ' નામના શક્તિશાળી વાવાઝોડાને કારણે રગ્બી વિશ્વ કપની બે મેચ રદ કરવામાં આવી છે ? – જાપાન
10. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ઓક્ટોબર 2019 દરમિયાન કયા શહેરમાં આવેલા ગાંધી મ્યુઝિયમ ખાતે સાત દિવસીય 'બાપુના સપનાનું ભારત' ડિજિટલ મલ્ટી મીડિયા પ્રદર્શન શરૂ કરવામાં આવ્યું હતું ? – રાજકોટ
11. તાજેતરમાં રાજકોટના ગાંધી મ્યુઝિયમમાં કોના દ્વારા 'બાપુના સપનાનું ભારત' નામનું સાત દિવસીય ડિજિટલ મલ્ટી મીડિયા પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું છે ? – શ્રી પુરુષોતમ રુપાલા (કેન્દ્રીય પંચાયતી રાજ, કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય મંત્રી)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. 'વાત મારી સમજાતી નથી તે ગુજરાતી નથી'ના રચયિતા કયા સર્જકને શરદપૂર્ણિમાને દિવસે પૂજ્ય સંત શ્રી મોરારી બાપુના હસ્તે વર્ષ 2019નો નરસિંહ મહેતા એવોર્ડ એનાયત થયો છે ? – શ્રી ખલીલ ધનતેજવી

13. રાજસ્થાનમાં રોડ કનેક્ટિવિટીમાં સુધારો કરવા માટે ભારત સરકારે તાજેતરમાં કઈ સંસ્થા પાસેથી 190 મિલિયન ડોલરની લોન લેવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?
– એશિયન વિકાસ બેન્ક (Asian Development Bank - ADB)

14. તાજેતરમાં શ્રી ડોમિનિક જાલાનું અમેરિકાના કેલિફોર્નિયામાં એક કાર અકસ્માતમાં નિધન થયું છે...તેઓ ભારતના કયા શહેરના આર્કબિશપ હતા ? – શિલોંગ (મેઘાલય)

15. તાજેતરમાં 11, 12 ઓક્ટોબર 2019ની ભારત મુલાકાત બાદ ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ ભારતમાંથી સીધા જ કયા દેશની મુલાકાતે ગયા હતા ? – નેપાળ

16. તાજેતરમાં કયા ભારતીય એથ્લીટ પર ચાર વર્ષનો ડોપિંગ પ્રતિબંધ મૂકવામાં આવતા તેમણે એશિયન ચેમ્પિયનશિપના બે ગોલ્ડ મેડલ ગુમાવવા પડ્યા છે ? – સુશ્રી નિર્મલા શેઓરન

17. તાજેતરમાં ચર્ચામાં રહેલા હરિયાણાના સુશ્રી નિર્મલા શેઓરન કઈ રમત સાથે સંકળાયેલા છે ? – દોડ

18. તાજેતરમાં અમેરિકાએ સીરિયામાંથી પોતાના સૈનિકો હટાવી દીધા બાદ કયા દેશ દ્વારા સીરિયા પર હુમલાઓ કરવામાં આવી રહ્યા છે ? – તૂર્કી (તૂર્કી દ્વારા સીરિયાના કૂર્દો અથવા કૂર્દીશો પર)

19. તાજેતરમાં ભારતે કયા દેશનો રેકોર્ડ તોડીને ઘર આંગણે સૌથી વધુ સતત 11 ટેસ્ટ શ્રેણી જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે ?
– ઓસ્ટ્રેલિયા

20. તાજેતરમાં પૂણે ખાતે આવેલા મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમ ખાતે રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટમાં મેન ઓફ ધ મેચ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ? – શ્રી વિરાટ કોહલી

21. ઈન્સ્ટાગ્રામ પર ત્રણ કરોડથી વધારે ફોલોઅર્સ ધરાવતા વિશ્વના પ્રથમ નેતાનું નામ શું છે ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી

22. તાજેતરમાં બ્રિટનની કઈ સરકારી કંપનીએ રેરિસ નામની માસ્ટર કાર્ડ કંપની સાથે મળીને પ્રથમ વખત 18 કેરેટ સોનાનું પેમેન્ટ કાર્ડ જારી કર્યું છે ? – રોયલ મિન્ટ

23. ઘર આંગણે સતત 11 ટેસ્ટ સીરિઝ જીતનાર વિશ્વના પ્રથમ દેશનું નામ શું છે ? – ભારત

24. વર્ષ 2018નો મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ અને વર્ષ 2018નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર જીતીને એક જ વર્ષમાં એક સાથે આ બંને પુરસ્કાર જીતનાર વિશ્વના પ્રથમ મહિલા સર્જકનું નામ શું છે ? – સુશ્રી ઓલ્ગા તોકાર્કઝુક
(સુશ્રી ઓલ્ગા તોકાર્કઝુકને 'Flights' નામની નવલકથા માટે વર્ષ 2018નો મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ એનાયત થયો હતો.)

25. ઈકોનોમિક્સના નોબેલ પુરસ્કાર વિજેતા પ્રથમ ભારતીય વ્યક્તિનું નામ શું છે ? – શ્રી અમર્ત્ય સેન (1998)

26. શ્રી વિલિયમ જી. કેલીન, શ્રી પિટર જે. રેટક્લિફ અને શ્રી ગ્રેગ એલ. સેમેન્ઝાને શેની શોધ માટે વર્ષ 2019નો ચિકિત્સા શરીર વિજ્ઞાન અથવા તો Medicineનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
– કોષો કઈ રીતે ઓક્સિજનને શોધે છે અને તેને અનુકૂળ થાય છે તેની શોધ બદલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

27. શ્રી જ્હોન બી. ગુડનફ, શ્રી એમ. સ્ટેન્લી વ્હિટિંગહમ અને શ્રી અકિરા યોશિનોને શેના વિકાસ માટે વર્ષ 2019નો રસાયણશાસ્ત્ર અથવા તો Chemistryનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ? – લિથિયમ આયર્ન બેટરી

28. શ્રી જેમ્સ પીબલ્સ, શ્રી માઈકલ મેયર અને શ્રી ડિડીયર ક્વેલોઝને શેની શોધ માટે વર્ષ 2019નો ભૌતિકશાસ્ત્ર (Physics)નો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?

– Solar type - starના ચક્કર લગાવતા બાહ્ય ગ્રહની શોધ બદલ

29. શ્રી અભિજીત બેનર્જી, શ્રીમતી એસ્થર ડફ્લો અને શ્રી માઈકલ ક્રેમરને કયા કાર્ય માટે વર્ષ 2019નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ? – વૈશ્વિક ગરીબી નાબૂદી માટે પ્રયોગાત્મક દષ્ટિકોણ બદલ

30. ઈથિયોપિયાના વડાપ્રધાન શ્રી અબી અહેમદને કયા કાર્ય માટે વર્ષ 2019નો શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ? – શાંતિ અને આંતરરાષ્ટ્રીય સહયોગના પ્રયાસો તેમજ પડોશી દેશ ઈરિટ્રિયા સાથે સરહદ વિવાદ ઉકેલવા માટે કરેલી નિર્ણાયક પહેલ બદલ

31. નોબેલ પુરસ્કાર એનાયત કરવા માટેનો સમારોહ સામાન્ય રીતે દર વર્ષે કઈ તારીખે યોજાય છે ?

– 10 ડિસેમ્બર (શ્રી આલ્ફ્રેડ નોબેલની મૃત્યુતિથીના રોજ)

32. તાજેતરમાં ભારતના કયા શહેરમાં સાત દિવસીય 359મા આંતરરાષ્ટ્રીય દશેરા મેળાનું આયોજન થયું હતું ?

– કુલ્લુ (હિમાચલ પ્રદેશ)

33. તાજેતરમાં જાપાનમાં ત્રાટકેલા 'હગિબીસ' નામના વાવાઝોડાને કારણે રાહતબચાવ કાર્ય માટે ભારતે કયા બે જહાજ જાપાન મોકલ્યા હતા ? – INS સહ્યાદ્રિ અને INS કિલતાન

34. તાજેતરમાં ભારત અને દક્ષિણ આફ્રિકાની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચેની 3 મેચની વન ડે સિરીઝ ભારતે કેટલા માર્જીનથી જીતી લીધી છે ? – 3-0

35. તાજેતરમાં કોની કેપ્ટનશિપ હેઠળની ભારતીય મહિલા ક્રિકેટ ટીમે દક્ષિણ આફ્રિકા સામેની વન ડે સિરીઝ 3-0થી જીતી લીધી છે ? – સુશ્રી મિતાલી રાજ

36. ક્રિકેટના ત્રણેય ફોર્મેટની મળીને કુલ 100 મેચ જીતનારા સુશ્રી શાર્લે એડવર્ડ્સ બાદ વિશ્વના બીજા અને ભારતના પ્રથમ મહિલા કેપ્ટનનું નામ શું છે ? – સુશ્રી મિતાલી રાજ

37. વર્ષ 2019નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય મૂળના અર્થશાસ્ત્રી શ્રી અભિજીત બેનર્જી હાલ અમેરિકાની કઈ સંસ્થામાં પ્રોફેસર છે ? – Massachusetts Institute of Technology (MIT)

38. વર્ષ 2019નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર વિજેતા શ્રી અભિજીત બેનર્જીએ ભારતની કઈ યુનિવર્સિટીમાંથી B.Sc તથા M.A.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે ?

– કોલકાતા યુનિવર્સિટીમાંથી B.Sc અને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU)માંથી M.A.

39. તાજેતરમાં ફ્રાન્સની કઈ ઊર્જા કંપનીએ અદાણી જૂથની કંપની અદાણી ગેસનો 37.4 ટકા હિસ્સો ખરીદવા માટે ડીલ કરી છે ? – ટોટલ (TOTAL)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**40.** અદાણી ગેસ કઈ વિદેશી કંપની સાથે મળીને ભારતમાં લગભગ 1500 જેટલા CNG સ્ટેશન સ્થાપશે ?
**– ટોટલ (TOTAL)**

**41.** ભારત સરકારના ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં 1 સપ્ટેમ્બરથી 15 ઓક્ટોબર 2019 સુધી 'મતદાર ચકાસણી કાર્યક્રમ' હાથ ધરવામાં આવ્યો હતો...આ કાર્યક્રમની મુદત 15 ઓક્ટોબર 2019થી વધારીને હવે ક્યાં સુધીની કરવામાં આવી છે ? **– 18 નવેમ્બર, 2019**

**42.** ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ CNG સહભાગી યોજના અંતર્ગત ગુજરાતમાં કેટલા નવા CNG સ્ટેશન સ્થાપવા માટે એલોટમેન્ટ લેટર આપ્યા છે ? **– 214**

**43.** ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2020 સુધીમાં કેટલા CNG સ્ટેશન સ્થાપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે ? **– 1000**

**44.** ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન ગુજરાતની કઈ યુનિવર્સિટીમાં સંસ્કૃત વાર્તાલાપ કેન્દ્રનો શુભારંભ કરાવ્યો છે ? **– મહારાજા સયાજીરાવ (M.S.) યુનિવર્સિટી, વડોદરા**

**45.** ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે તાજેતરમાં કઈ ભાષામાં રચાયેલા 'સયાજી ગૌરવ મહા કાવ્યમ' પુસ્તકનું M.S. યુનિવર્સિટીમાંથી વિમોચન કર્યું હતું ? **– સંસ્કૃત**

**46.** બિન અનામત વર્ગો માટે અલગ આયોગની રચના કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? **– ગુજરાત**

**47.** તાજેતરમાં કયા દેશમાં ડ્રગ માફિયાઓને પકડવા ગયેલા આશરે 19 જેટલા પોલીસમેનને ડ્રગ માફિયાઓએ ટ્રકમાં જીવતા જ સળગાવ્યા હતા ? **– મેક્સિકો (મેક્સિકોના મિચોઓકેનમાં)**

**48.** તાજેતરમાં કયા ખેલાડીએ ફૂટબોલની રમતમાં યુક્રેન સામેની એક મેચમાં પોતાની કારકિર્દીના 700 ગોલ પૂરા કર્યા છે? **– શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો**

**49.** તાજેતરમાં 700 ગોલ પૂરા કરનાર શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો કયા દેશના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી છે ? **– પોર્ટુગલ**

**50.** ફૂટબોલની રમતમાં સૌથી વધુ 805 ગોલ કરવાનો રેકોર્ડ કયા ખેલાડીના નામે છે ? **– શ્રી જોસેફ બિકન**

**51.** ગુજરાતના સુરતના શ્રી ચિમનસિંહ ભાલાવાળા કઈ રમતના આંતરરાષ્ટ્રીય ખેલાડી હતા ? **– વોલીબોલ**
(ખેલાડીઓને કોચિંગ આપતા આપતા વોલીબોલ કોર્ટમાં જ દેહ છોડનાર શ્રી ચિમનસિંહ ભાલાવાળાની સ્મૃતિમાં તાજેતરમાં વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું)

**52.** રેશન કાર્ડ ધરાવતો અને અન્ય રાજ્યમાં સ્થાયી થયેલો ભારતનો નાગરિક તે જ્યાં વસવાટ કરતો હોય ત્યાં જ અનાજનો જથ્થો મેળવી શકે તે માટે તાજેતરમાં ગુજરાત અને કયા રાજ્ય વચ્ચે ઈન્ટ્રા સ્ટેટ પોર્ટેબિલિટી/નેશનલ લેવલ પોર્ટેબિલિટી લાગુ કરવામાં આવી છે ? **– મહારાષ્ટ્ર**

**53.** 6-7 નવેમ્બર, 2019ના રોજ ગુજરાતમાં કઈ જગ્યાએ 'તાના-રીરી મહોત્સવ' યોજાશે ?**– વડનગર (જિ. મહેસાણા)**
(સામાન્ય રીતે દર વર્ષે કારતક સુદ નોમ અને દશમના દિવસે આ મહોત્સવ યોજાય છે)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સર્વે વિદ્યાર્થી મિત્રોને
દિપાવલીના પાવન પર્વની
ખૂબ ખૂબ શુભેચ્છા

# HAPPY DIWALI

&

# HAPPY NEW YEAR

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

RAJKOT
AHMEDABAD
JUNAGADH